# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-10-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાન્ચેઝે વડોદરામાં લશ્કરી વિમાનનાં ઉત્પાદન માટેની ફેક્ટરીનું ઉદઘાટન કર્યું
- પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, આ ફેક્ટરી મેક ઇન ઇન્ડિયા-મેક ફોર ધ વર્લ્ડ અભિયાનને મજબૂત બનાવશે
- રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ- NDMA આજે નવી દિલ્હીમાં તેનો 20મો સ્થાપના દિવસ ઉજવશે
- ભ્રષ્ટાચાર મુક્તસમાજનું નિર્માણ કરવાનાં લક્ષ્ય સાથે આજથી દેશભરમાં તકેદારી જાગૃતિ સપ્તાહનો પ્રારંભ
- ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ચુંટણી માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

REV PM MODI GUJARAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત-સ્પેનની ભાગીદારીને નવી દિશા આપવામાં આવી રહી છે. વડોદરામાં સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાન્ચેઝ સાથે સંયુક્ત રીતે સી-295 સૈન્ય વિમાનના નિર્માણ માટે ટાટા એરક્રાફ્ટ કૉમ્પ્લેક્સનું ઉદઘાટન કરતાં શ્રી મોદીએ જણાવ્યું કે, વડોદરાના ઉત્પાદન એકમમાં બનેલા વિમાન અન્ય દેશમાં પણ મોકલવામાં આવશે અને સી-295નું ઉત્પાદન એકમ નવા ભારતને દર્શાવે છે. આ કૉમ્પ્લેક્સ ભારતમાં સૈન્ય વિમાનો માટે ખાનગી ક્ષેત્રની પહેલી ફાઈનલ એસેમ્બલી લાઈન હશે.

આ પ્રસંગે સ્પેનના પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતને પાવરહાઉસ બનાવવા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ધ્યાન છે અને ભારતીય કંપનીઓ ઝડપથી વિકાસ કરી રહી છે. શ્રી સાન્ચેઝે કહ્યું કે, ભારત ઉત્પાદન કેન્દ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. શ્રી મોદીએ કુશળતા અને રોજગાર સર્જન પર ભાર મૂકતા કહ્યું કે, આ વિમાન ઉત્પાદન એકમથી નવા ઉદ્યોગોને વેગ મળશે.

(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, બંને નેતાઓએ હવાઈમથકથી ટાટા એરક્રાફ્ટ કૉમ્પ્લેક્સ સુધી રોડ શૉ પણ કર્યો હતો. બંને નેતાઓના સ્વાગત માટે રોડ શૉ માં મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. બંને દેશના પ્રધાનમંત્રીઓએ સ્વાગત માટે રસ્તામાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓનું પણ આયોજન કર્યું હતું.

વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે બંને દેશો વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા થઈ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને

સ્પેનની ભાગીદારી સદીઓ જૂની છે. ભારત-સ્પેન વૈશ્વિક શાંતિ પર ભાર મૂકે છે. સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાન્ચેઝે જણાવ્યું હતું કે, હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં ભારત મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, લક્ષ્યોને હાંસલ કરવા માટે બંને દેશો એક છે.

પ્રધાનમંત્રી મોદી બપોર પછી અમરેલીના દૂધાળામાં ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે અને લાઠી ખાતે ચાર હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કામોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

આ પ્રોજેક્ટ્સમાં ભુજ-નલિયા રેલ લાઇનનાં ગેજ રૂપાંતરણનો પણ સમાવેશ થાય છે. આકાશવાણી સમાચાર સાથેની વાતમાં પશ્ચિમ રેલવેના ચીફ પબ્લિક રિલેશન ઓફિસર વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારમાં પરિવહન સસ્તું બનશે અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આ પ્રોજેક્ટ્માં 24 મોટાં પુલ, 254 નાના પુલ, ત્રણ રોડ ઓવરબ્રિજ અને 30 રોડ અન્ડરબ્રિજનો સમાવેશ થાય છે.

# AMIT SHAH – NDMA

રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ- NDMA આજે નવી દિલ્હીમાં તેનો 20મો સ્થાપના દિવસ ઉજવશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ વર્ષનાં સ્થાપના દિવસની થીમ છે- વ્યવહાર પરિવર્તન માટે જાગૃતિનાં માધ્યમથી આપત્તિ જોખમને ઘટાડવા માટે સમુદાયોને મજબૂત બનાવવા. મુખ્ય વિષય પર કેન્દ્રીત ત્રણ ટેકનિકલ સત્ર હશે.

આ ઉપરાંત, માર્ગદર્શિકા, સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર, અને વિવિધ આપત્તિ વિષયક પુસ્તકો પણ રજૂ કરવામાં આવશે. ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે, ભારત આપત્તિની અસરને હળવી કરવા માટે સમાવેશી અને નિષ્પક્ષ કાર્યવાહી કરવા માટે પ્રતિબધ્ધ છે.

## PRADHAN BHU

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી- BHUના 13મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ BHUની સંશોધન ક્ષમતા વધારવા 400 કરોડ રૂપિયાની યોજનાઓનું પણ શિલારોપણ કરશે. સ્વતંત્ર ભવન ખાતે આયોજિત પદવીદાન સમારોહમાં વિવિધ શાખાઓમાં એક હજાર 954 સ્નાતકોને ડિગ્રી એનાયત કરશે.

## KHARIF MARKETING SEASON

ખરીફ માર્કેટિંગ સિઝન 2024-25 માટે 185 લાખ મેટ્રિક ટન ડાંગરની ખરીદી કરવામાં આવશે. નવીદિલ્હીમાં પત્રકારોને સંબોધતા ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીયમંત્રી પ્રહલાદ જોશીએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે ચોખાના મિલમાલિકોની ફરિયાદ નિવારણ માટે ટૂંક સમયમાં એક ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવશે જેથી તેમને પડતી મુશ્કેલીઓનો તાત્કાલિક નિકાલ કરી શકાય.

તેમણે કહ્યું હતું કે પંજાબમાં, ડાંગરની ખરીદી સત્તાવાર રીતે પહેલી ઓકટોબરે શરૂ થઈ હતી અને અત્યાર સુધીમાં 50 લાખ મેટ્રિક ટન ડાંગરની ખરીદી

કરવામાં આવી છે. તેમણે અનાજ સંગ્રહની અછત અંગેની અફવાઓને પણ નકારી કાઢી હતી. ખાનગી ઉદ્યોગ સાહસિક ગેરંટી યોજના હેઠળ 31 લાખ મેટ્રિક ટન સંગ્રહ ક્ષમતા બનાવવામાં આવશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# VIGILANCE AWARENESS WEEK 2024

જાહેર જીવનમાં પ્રામાણિકતાને પ્રોત્સાહન આપવા અને ભ્રષ્ટાચાર મુક્ત સમાજનું નિર્માણ કરવાનાં આશયથી આજથી દેશભરમાં તકેદારી જાગૃતિ સપ્તાહ મનાવવામાં આવશે. આ સપ્તાહની વિષયવસ્તુ છે- રાષ્ટ્રની સમૃધ્ધિ માટે પ્રામાણિકતાની સંસ્કૃતિ. શાસન અને જાહેર વહીવટમાં નૈતિકતા અને પારદર્શિતાની જરૂરિયાત અંગે વધુ સંવેદનશીલતા લાવવા માટે આ સપ્તાહ મનાવવામાં આવે છે. સપ્તાહનું પાલન મંત્રાલયો, વિભાગો, જાહેર એકમો, બેન્કો અને અન્ય તમામ સંગઠનોમાં લોક સેવકો દ્વારા શપથ સાથે શરૂ થશે. સપ્તાહ દરમિયાન ભ્રષ્ટ આચરણ વિરુધ્ધ જાગૃતિ પેદા કરવા માટે અનેક સમારોહનું આયોજન કરવામાં આવશે. ભારત

રત્ન સરદાર વલ્લભભાઇ પટેલનાં જન્મદિવસનાં સપ્તાહમાં દર વર્ષે તકેદારી જાગૃતિ સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.

## J&K-SEARCHOPERATION

જમ્મુ કાશ્મીરના અખનૂર સેક્ટરમાં લશ્કરના વાહન ઉપર આતંકવાદીઓએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાના અહેવાલ છે.

અમારા જમ્મુના સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે સુરક્ષા દળો હાલમાં અખનૂર સેક્ટરના બટ્ટલ વિસ્તારમાં મોટા પાયે તપાસ અભિયાન ચલાવી રહ્યા છે. આ વિસ્તારમાં ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓ હોવાની જાણ ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી.

પોલીસ અને લશ્કરે ગામ અને આસપાસના વિસ્તારોને ઘેરી લીધા છે અને સરહદપારથી ઘૂસણખોરી કરનારા આતંકવાદીઓને શોધી કાઢવા માટે તપાસ ચાલી રહી છે. દરમિયાન, આ વિસ્તારમાં વધુ સૈન્ય મોકલવામાં આવ્યું છે.

## PUNJAB POLICE-DRUG CARTEL

પંજાબ પોલીસે પાકિસ્તાન આધારિત ડ્રગ ગેંગનો પર્દાફાશ કરીને એકસો પાંચ કિલોગ્રામ હેરોઈન અને 49 કિલો અન્ય માદક પદાર્થો જપ્ત કર્યા છે. પોલીસની કાઉન્ટર ઇન્ટેલિજન્સ વિંગે શનિવારે અમૃતસરમાંથી છ પિસ્તોલ સાથે બે લોકોની ધરપકડ કરી હતી.

પંજાબ પોલીસના વડાએ સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે દાણચોરોએ પાકિસ્તાનથી રબરના ટાયર સાથેની ટ્યુબમાં ડ્રગ્સ મોકલવા માટે જળ માર્ગનો ઉપયોગ કર્યો હતો. તેમણે કહ્યું કે આ ગુપ્તચર કાર્યવાહીમાં, વિદેશી આધારિત ડ્રગ સ્મગલરોના બે સહયોગીઓની ધરપકડ કરવામાં આવી છે.

## ASSEMBLY ELECTIONS IN JHARKHAND

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રોની ચકાસણી ચાલી રહી છે. આ તબક્કા માટે 805 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ તબક્કામાં 13મી નવેમ્બરે 43 બેઠકો માટે મતદાન થશે. ઉમેદવારો 30મી ઓક્ટોબર સુધી તેમના ઉમેદવારીપત્રો પરત ખેંચી શકશે. 23 નવેમ્બરે મતગણતરી થશે.

દરમિયાન, તપાસ અભિયાન દરમિયાન, વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદથી રાજ્યના વિવિધ ભાગોમાંથી 57 કરોડ 67 લાખ રૂપિયાથી વધુની ગેરકાયદેસર સામગ્રી અને રોકડ જપ્ત કરવામાં આવી છે. આદર્શ આચાર સંહિતાના ભંગ બદલ 19 FIR દાખલ કરવામાં આવી છે.

## ASSAM- BYPOLLS

આસામમાં વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ચકાસણી ચાલી રહી છે. 13મી નવેમ્બરે યોજાનારી ધોલાઈ, સમગુરી, બેહાલી, સિદલી અને બોંગાઈગાંવ બેઠકોની પેટાચૂંટણી માટે 38 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો

ભર્યા છે. અમારા સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે શાસક ભાજપે ત્રણ બેઠકો પર ઉમેદવારી નોંધાવી છે જ્યારે યુપીપીએલ અને આસોમ ગણ પરિષદે એક-એક બેઠક પર ઉમેદવારી નોંધાવી છે. વિપક્ષ કોંગ્રેસે તમામ પાંચ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. આપે બે અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટે એક બેઠક માટે ઉમેદવારી નોંધાવી છે.

# DAY DELHI-POLLUTION

દિલ્લીમાં આજે હવાની ગુણવત્તા "ખૂબ નબળી" શ્રેણીમાં નોંધાઈ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા અનુસાર આજે સવારે 11 વાગ્યે દિલ્હીનો હવા ગુણવત્તા સૂચકાંક 323 નોંધાયો હતો. દરમિયાન, પ્રદૂષણ ઘટાડવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાં એન્ટી સ્મોગ ગન દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

હવામાન વિભાગે કહ્યું છે કે બુધવાર સુધી હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહેવાની સંભાવના છે. અને ફટાકડા અને પરાળીના ધુમાડાને કારણે હવાની ગુણવત્તા ગંભીર શ્રેણી સુધી પહોંચવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે શૂન્યથી 50 ની વચ્ચે હવાનો ગુણવત્તા સૂચકાંક સારો માનવામાં આવે છે, 51 થી 100 વચ્ચે સંતોષકારક, 101 થી 200 મધ્યમ, 201 થી 300 નબળો, 301 થી 400 વચ્ચે ખૂબ જ અને 401 થી 450 વચ્ચેનો સૂચકાંક ગંભીર માનવામાં આવે છે.

# INDIAN RAILWAYS

આગામી તહેવારોની મોસમમાં ભારે ભીડ થવાની સંભાવનાને જોતાં પશ્ચિમ રેલવેએ મુસાફરોની મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવા માટે મુંબઈ ડિવિઝનના પસંદગીના મુખ્ય સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર કામચલાઉ પ્રતિબંધો લાદી દીધા છે. પશ્ચિમ રેલ્વેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ પ્લેટફોર્મ પર ભીડનું સંચાલન કરવાનો અને સ્ટેશન પરિસરમાં મુસાફરોની સરળ અવરજવર સુનિશ્ચિત કરવાનો છે.

આ સ્ટેશનોમાં મુંબઈ સેન્ટ્રલ, દાદર, બાંદ્રા ટર્મિનસ, બોરીવલી, વસઈરોડ, વાપી, વલસાડ, ઉધનાઅને સુરતનો સમાવેશ થાય છે. દિવાળીના તહેવાર અને છઠ પૂજા દરમિયાન પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પરનો પ્રતિબંધ ૮મી નવેમ્બર સુધી  લાગુ થશે. એ જ રીતે મધ્ય રેલવેએ પણ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, દાદર, લોકમાન્ય તિલક ટર્મિનસ, થાણે, કલ્યાણ, પુણેઅને નાગપુર સ્ટેશનો સહિત પસંદગીના મુખ્ય સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર કામચલાઉ પ્રતિબંધો લાદી દીધા છે.